# સુરત જિલ્લા પંચાયતની 36માંથી 35 બેઠક ભાજપાને ફાળે ગઇ

**સુરત** ગ્રામ્યમાં ભાજપ સામે કોંગ્રેસ અને આપનાં સૂપડાં સાફ

**જિલ્લા,** તાલુકા અને નગરપાલિકા સ્તરે વિપક્ષ સીમિત કેટલાક વિસ્તારોમાં ખાતું પણ ન ખુલ્યું

સુરતઃ સુરત મહાનગરપાલિકા પછી હવે ગ્રામ્ય વિસ્તારોની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ વિપક્ષ માટે નિરાશાજનક ચિત્ર સામે આવ્યું છે. જિલ્લા પંચાયતથી લઈ તાલુકા પંચાયત અને નગરપાલિકાઓ સુધી, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (આપ) પોતાનું પ્રભુત્વ જાળવી રાખવામાં નિષ્ફળ રહી છે, જેના કારણે જિલ્લામાં તેમની રાજકીય સ્થિતિ નબળી પડી હોવાનું સ્પષ્ટ થયું છે.

### કોસંબાથી આપની એન્ટ્રી; કોંગ્રેસ શૂન્ય પર સીમિત

સુરત જિલ્લા પંચાયતની ચૂંટણીના પરિણામોએ સ્થાનિક રાજકારણમાં મોટો સંદેશ આપ્યો છે. ભાજપે ફરી એકવાર પોતાનું પ્રભુત્વ સાબિત કરતાં ૩૬માંથી ૩૫ બેઠક પર ભવ્ય જીત મેળવી સત્તા જાળવી રાખી છે. બીજી તરફ કોંગ્રેસ માટે આ ચૂંટણી નિરાશાજનક રહી છે, કારણ કે એકપણ બેઠક મેળવવામાં તે નિષ્ફળ ગઈ છે. આ પરિણામોમાં સૌથી રસપ્રદ પાસું એ રહ્યું કે આમ આદમી પાર્ટીએ કોસંબા બેઠક પરથી જીત મેળવી જિલ્લા પંચાયતમાં પ્રથમવાર પોતાનું ખાતું ખોલ્યું છે.

સુરત જિલ્લા પંચાયતની 36 બેઠકમાં વિપક્ષ માટે સ્થિતિ અત્યંત નબળી રહી છે. કોંગ્રેસ પોતાનું ખાતું પણ ખોલી શકી નથી, જ્યારે આપ માત્ર એક બેઠક સુધી સીમિત રહી છે. નગરપાલિકાના પરિણામોમાં પણ કોંગ્રેસ અને આપ માટે સ્થિતિ અનુકૂળ રહી નથી. બારડોલીમાં કોંગ્રેસ માત્ર થોડા બેઠકો સુધી સીમિત રહી, જ્યારે કડોદરામાં તો કોંગ્રેસ ખાતું ખોલવામાં પણ નિષ્ફળ રહી છે. માંડવીમાં પણ કોંગ્રેસનો પ્રભાવ ઘટતો નજરે પડ્યો છે. આ પરિસ્થિતિ દર્શાવે છે કે શહેરી બાદ હવે અર્ધશહેરી વિસ્તારોમાં પણ વિપક્ષની પકડ ઢીલી પડી રહી છે. તાલુકા પંચાયત સ્તરે તો વિપક્ષની કમજોરી વધુ સ્પષ્ટ બની છે. બારડોલી અને પલસાણામાં કોંગ્રેસ અને આપ સંપૂર્ણપણે પરાજિત રહ્યા છે. મહુવા, અંબિકા અને અન્ય તાલુકાઓમાં પણ વિપક્ષ માત્ર ગણી શકાય એટલી બેઠકો જ મેળવી શક્યો છે. ઘણા વિસ્તારોમાં સંગઠન અને મજબૂત નેતૃત્વના અભાવના કારણે વિપક્ષ મતદારોને આકર્ષવામાં નિષ્ફળ રહ્યો હોવાનું માનવામાં આવે છે.

### સુરત જિલ્લા પંચાયતના વિજેતાની યાદી

| | | | | |
|---|---|---|---|---|
| 1 | અનાવલ | રમિલાબેન ખંડુભાઈ પટેલ | ભાજપ | 11041 મતથી વિજેતા |
| 2 | અરેઠ | દર્શનાબેન ધવલભાઈ ગામીત | ભાજપ | 11310 મતથી વિજેતા |
| 3 | બાબેન | નિલાબેન પરભુભાઇ પટેલ | ભાજપ | 8148 મતથી વિજેતા |
| 4 | દેવગઢ | ગીતાબેન વિજયભાઈ પટેલ | ભાજપ | 9336 મતથી વિજેતા |
| 5 | ઘાણાવડ | સુધીરકુમાર કાળુભાઇ નકુમ | ભાજપ | 12374 મતથી વિજેતા |
| 6 | ઘંટોલી | નિરવ સુરેશભાઈ લાડ | ભાજપ | 10330 મતથી વિજેતા |
| 7 | ગોદાવાડી | નિમિષાબેન રાકેશભાઈ રાઠોડ | ભાજપ | 10088 મતથી વિજેતા |
| 8 | હજીરા | નર્મદાબેન છોટુભાઇ પટેલ | ભાજપ | 5766 મતથી વિજેતા |
| 9 | ઝંખવાવ | ઉમેદભાઈ ઉબડાભાઈ ચૌધરી | ભાજપ | 10155 મતથી વિજેતા |
| 10 | કડોદ | જયોતિબેન બિપિનચંદ્ર ચૌધરી | ભાજપ | 9595 મતથી વિજેતા |
| 11 | કામરેજ | મહેશભાઇ કાંતિભાઇ સોલંકી | ભાજપ | 15686 મતથી વિજેતા |
| 12 | કરચેલીયા | હિનાબેન શૈલેષભાઈ પટેલ | ભાજપ | 10178 મતથી વિજેતા |
| 13 | કારેલી | અરવિંદભાઈ શુક્કરભાઈ રાઠોડ | ભાજપ | 11373 મતથી વિજેતા |
| 14 | ખોલવડ | સમીર રાજેન્દ્ર મોદી | ભાજપ | 13969 મતથી વિજેતા |
| 15 | કીમ | અનુબેન જયેશકુમાર દેસાઇ | ભાજપ | બિન હરીફ |
| 16 | કોસંબા | સર્જનબેન બાલુભાઈ વસાવા | આમ આદમી પાર્ટી | 6970 મતથી વિજેતા |
| 17 | લાજપોર | હાર્દિક વિજયભાઇ પટેલ | ભાજપ | 14511 મતથી વિજેતા |
| 18 | મહુવા | હેમંતકુમાર નાનુભાઈ પટેલ | ભાજપ | 9813 મતથી વિજેતા |
| 19 | માંગરોળ | નવીનભાઈ ગોમાનભાઈ વસાવા | ભાજપ | 11373 મતથી વિજેતા |
| 20 | મોર | ભાવનાબેન રાકેશભાઇ પટેલ | ભાજપ | બિન હરીફ |
| 21 | મોરા | ધર્મિષ્ઠાબેન ભરતકુમાર પટેલ | ભાજપ | 4418 મતથી વિજેતા |
| 22 | નાની નરોલી | અંકિતાબેન હરેન્દ્રભાઈ ગામિત | ભાજપ | 10161 મતથી વિજેતા |
| 23 | નવાગામ | ભૂમિકાબેન મૌલિકભાઇ પટેલ | ભાજપ | 13772 મતથી વિજેતા |
| 24 | ઓલપાડ | કિરણકુમાર જયંતિભાઇ પટેલ | ભાજપ | 12108 મતથી વિજેતા |
| 25 | પલસાણા | તેજસકુમાર પંકજભાઈ દેસાઈ | ભાજપ | બિન હરીફ |
| 26 | પીંજરત | હેમંતભાઇ ઇશ્વરભાઇ પટેલ | ભાજપ | 17246 મતથી વિજેતા |
| 27 | પીપોદરા | નસીમાખાતુન શબ્બીરખાન પઠાણ | ભાજપ | 9481 મતથી વિજેતા |
| 28 | સાયણ | બ્રિજેશકુમાર ભગવતીભાઇ પટેલ | ભાજપ | બિન હરીફ |
| 29 | સુરાલી | અરૂણાબેન પ્રફુલભાઇ ચૌધરી | ભાજપ | 10238 મતથી વિજેતા |
| 30 | તડકેશ્વર | આદિત્ય ઈશ્વરભાઈ વસાવા | ભાજપ | 10726 મતથી વિજેતા |
| 31 | ઉભેળ | બિરેનકુમાર અમૃતભાઇ રાઠોડ | ભાજપ | 13511 મતથી વિજેતા |
| 32 | વાડી | સુનીતાબેન ગુલાબસિંગ વસાવા | ભાજપ | 15120 મતથી વિજેતા |
| 33 | વલવાડા | હર્ષદભાઈ અમરસિંહભાઈ પટેલ | ભાજપ | 10744 મતથી વિજેતા |
| 34 | વાંકાનેર | ધર્મેશભાઇ રમણભાઇ રાઠોડ | ભાજપ | 10254 મતથી વિજેતા |
| 35 | વરાડ | નૈષધભાઇ પંકજભાઇ રાઠોડ | ભાજપ | 9830 મતથી વિજેતા |
| 36 | વરેલી | રેખાબેન રમેશભાઈ રાઠોડ | ભાજપ | 11342 મતથી વિજેતા |

# ચોર્યાસીમાં ભાજપનો દબદબો: તાલુકા પંચાયતની 16માંથી 14 બેઠક પર વિજય

**કપલેથામાં** ઈતિહાસ રચાયો, હજીરા-મોરા-લાજપોરમાં મજબૂત પકડ યથાવત

સુરતઃ ચોર્યાસી તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોએ એકતરફી જનાદેશનું ચિત્ર રજૂ કર્યું છે. તાલુકા પંચાયતની કુલ 16 બેઠકમાંથી 14 બેઠક પર વિજય મેળવી ભાજપે પોતાનો દબદબો મજબૂત બનાવ્યો છે.

આ જીત પાછળ ધારાસભ્ય સંદિપ દેસાઈની વ્યૂહરચના અને બૂથ સ્તર સુધીનું માઈક્રો પ્લાનિંગ મહત્ત્વપૂર્ણ પરિબળ માનવામાં આવી રહ્યું છે. સંગઠનશક્તિ અને સ્થાનિક સ્તરે કાર્યકરોની સક્રિયતા જીત માટે નિર્ણાયક સાબિત થઈ છે. ચૂંટણીનું સૌથી મોટું આકર્ષણ કપલેથા બેઠક રહી, જ્યાં પ્રથમ વખત ભાજપે જીત નોંધાવી છે. આ બેઠક પરંપરાગત રીતે વિપક્ષનો મજબૂત ગઢ માનાતી હતી, છતાં આ વખતે પરિણામોમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. લઘુમતી વસતી ધરાવતી આ બેઠક પર મળેલી જીતને રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ચોર્યાસી તાલુકા પંચાયતમાં ભાજપે હજીરા-૧, હજીરા-૨, હજીરા-૩ (સુવાલી), ભટલાઈ, મોરા-૧, મોરા-૨, કવાસ, સણિયા કણદે, વાંઝ, મોહણી, બોણદ, લાજપોર-૨ અને કપલેથા સહિત કુલ 14 બેઠક પર કબજો જમાવ્યો છે.

### દામકામાં અપક્ષનો વિજય રહ્યો

બીજી તરફ દામકા બેઠક પર અપક્ષ ઉમેદવાર વિજયી રહ્યો હતો, જ્યારે લાજપોર-૧ બેઠક પર કોંગ્રેસને જીત મળી છે. નોંધનીય છે કે દમકા વિસ્તાર ઓલપાડ વિધાનસભામાં આવે છે, જ્યારે લાજપોર-૧ વિસ્તાર બારડોલી વિધાનસભા વિસ્તારમાં સમાવેશ પામે છે. આ રીતે ચોર્યાસી વિધાનસભા વિસ્તારમાં આવતી તમામ 14 બેઠક પર ભાજપે જીત મેળવી છે.

### જિલ્લા પંચાયત બેઠકો પર પણ પ્રભાવ

તાલુકા પંચાયત સાથે સાથે જિલ્લા પંચાયતની બેઠકો પર પણ ભાજપનો પ્રભાવ જોવા મળ્યો છે. હજીરા, મોરા અને લાજપોર જિલ્લા પંચાયત બેઠકો પર ભાજપે પ્રચંડ વિજય મેળવી પોતાનો કિલ્લો વધુ મજબૂત બનાવ્યો છે. આ ચૂંટણી પરિણામો દર્શાવે છે કે ચોર્યાસી તાલુકામાં મતદારોનો ઝુકાવ સ્પષ્ટ રીતે એક દિશામાં રહ્યો છે. મજબૂત સંગઠન, સ્થાનિક મુદ્દાઓ પર ધ્યાન અને કાર્યકરોની સક્રિયતા ભાજપ માટે લાભદાયી સાબિત થઈ છે.

# પક્ષપલટું નેતાની ક્યાંક જીત તો ક્યાંક ભારે પરાજય

ગાંધીનગરઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી 2026ના પરિણામોમાં પક્ષપલટા કરનાર નેતાઓને લઈને મતદારોના મિશ્ર સંકેતો સામે આવ્યા છે. કેટલાક વિસ્તારોમાં આવા નેતાઓને સ્વીકાર મળ્યો છે તો ક્યાંક તેમને કડક નકારનો સામનો કરવો પડ્યો છે. આ પરિણામો પરથી સ્પષ્ટ થાય છે કે મતદારો પક્ષપલટા કરનારા નેતાઓને લઈને એકસરખો વલણ અપનાવતા નથી. જ્યાં કેટલીક જગ્યાએ તેમને સ્વીકાર મળ્યો છે, ત્યાં અન્ય વિસ્તારોમાં મતદારો એવાં નેતાઓને નકારી રહ્યા છે. ખાસ કરીને જૂનાગઢ જિલ્લો જેવા વિસ્તારોમાં પક્ષપલટા નેતાઓને મોટું નુકસાન થયું છે. આ રીતે, સ્થાનિક સ્તરે મતદારો હવે વ્યક્તિગત વિશ્વસનીયતા, કાર્યશૈલી અને સ્થાનિક મુદ્દાઓને વધુ પ્રાથમિકતા આપતા જોવા મળી રહ્યા છે, જે ભવિષ્યના રાજકીય સમીકરણોને અસર કરી શકે છે.

### અરવલ્લીમાં પૂર્વ આઈપીએસ મનોજ નિનામાની હાર

અરવલ્લી જિલ્લોની ઓડ જિલ્લા પંચાયત બેઠક પરથી ભાજપના ઉમેદવાર અને પૂર્વ આઈપીએસ અધિકારી મનોજ નિનામાને પણ પરાજયનો સામનો કરવો પડ્યો છે. નિવૃત્તિ બાદ રાજકારણમાં પ્રવેશ કરનાર નિનામા માટે આ પરિણામ નિરાશાજનક રહ્યું છે.

### જૂનાગઢમાં ભૂપત ભાયાણીને ઝાટકો

જૂનાગઢ જિલ્લોમાં વિસાવદરના પૂર્વ ધારાસભ્ય ભૂપત ભાયાણીને ભેંસાણ બેઠક પરથી પરાજયનો સામનો કરવો પડ્યો છે. ભાજપમાં જોડાયા બાદ પ્રથમ ચૂંટણીમાં જ તેમને આ ઝટકો લાગ્યો છે. આ બેઠક પર આપના ઉમેદવાર દિનેશ રૂપારેલીયાએ અંદાજે 1700 મતોથી જીત મેળવી છે.ભૂપત ભાયાણી 2022માં આપના ઉમેદવાર તરીકે વિસાવદર બેઠક પરથી વિજેતા બન્યા હતા, પરંતુ બાદમાં પક્ષ અને ધારાસભ્ય પદેથી રાજીનામું આપી ભાજપમાં જોડાયા હતા. આ પરાજયને મતદારોના અસંતોષ તરીકે જોવામાં આવી રહ્યું છે.

### સુરેન્દ્રનગરમાં રાજુ કરપડાનો વિજય

સુરેન્દ્રનગર જિલ્લોની મૂળી-2 બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર રાજુ કરપડાએ 2533 મતની લીડ સાથે જીત મેળવી છે. અગાઉ આમ આદમી પાર્ટીમાં રહેલા કરપડાએ ચૂંટણી પહેલાં ભાજપમાં જોડાયા હતા. શરૂઆતમાં તેમની હારની અટકળો વચ્ચે અંતિમ રાઉન્ડમાં જીત નોંધાવતા આ પરિણામ રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

# કલાકાર ઉમેદવારો પર મતદારોનો વિશ્વાસ

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી 2026ના પરિણામોમાં આ વખતે અનોખું દ્રશ્ય જોવા મળ્યું છે. રાજકારણ સાથે સાથે કલા અને સોશિયલ મીડિયા ક્ષેત્ર સાથે જોડાયેલા ચહેરાઓએ પણ મતદાતાઓનો વિશ્વાસ જીત્યો છે. ખાસ કરીને ભારતીય જનતા પાર્ટીના ટિકિટ પર લડનાર કલાકાર ઉમેદવારોના વિજયે ચર્ચા જગાવી છે.

### વડોદરામાં અંકિતા પરમારનો સતત વિજય

વડોદરા જિલ્લા પંચાયતની પોર બેઠક પર સોશિયલ મીડિયા સ્ટાર અંકિતા પરમારએ લગભગ 2400 મતોથી વિજય મેળવી સતત બીજી વખત જીત નોંધાવી છે, જે તેમની લોકપ્રિયતા અને કાર્યશૈલીને દર્શાવે છે.

### વિજાપુરમાં નેહા સુથારનો ભવ્ય વિજય

વિજાપુર તાલુકા પંચાયતની કુદેડા બેઠક પરથી લોકગાયિકા નેહા સુથારએ ભાજપના ઉમેદવાર તરીકે અંદાજે 1390થી વધુ મતોથી ભવ્ય જીત મેળવી છે. તેમની લોકપ્રિયતા અને જનસમર્થન આ જીતમાં સ્પષ્ટ રીતે દેખાયું છે.

### ઉનામાં રાજલ બારોટનો શાનદાર દેખાવ

ઉના નગરપાલિકાના વોર્ડ નંબર 7માં લોકગાયિકા રાજલ બારોટએ ભાજપના ઉમેદવાર તરીકે જીત મેળવી છે. તેમને કુલ 2313 મત મળ્યા હતા. તેઓ જાણીતા લોકગાયક મણિરાજ બારોટની પુત્રી છે. સંગીત ક્ષેત્રે ઓળખ ઉભી કર્યા બાદ હવે તેઓ જાહેર જીવનમાં નવી ભૂમિકા ભજવશે.

### અમરેલીમાં ચોંકાવનારું પરિણામ : કલાકાર માયાભાઈ આહીરની પુત્રી સોનલ ડેરને પરાજય

સોનલ ડેર જાણીતા ડાયરા કલાકાર માયાભાઈ આહીરની પુત્રી છે, જેના કારણે તેમની રાજકારણમાં એન્ટ્રી શરૂઆતથી જ ચર્ચાનો વિષય બની હતી. ચૂંટણી દરમિયાન આ બેઠક પર સૌની નજર હતી, કારણ કે એક તરફ લોકપ્રિય કલાકાર પરિવારનો પ્રભાવ હતો તો બીજી તરફ સ્થાનિક રાજકીય સમીકરણો. છતાં અંતે મતદાતાઓએ કોંગ્રેસના ઉમેદવારને પસંદગી આપી સોનલ ડેરને પરાજય આપ્યો છે.આ પરિણામ દર્શાવે છે કે માત્ર લોકપ્રિયતા પૂરતી નથી, પરંતુ સ્થાનિક મુદ્દાઓ, સંગઠન અને મતદારો સાથેનો સીધો સંપર્ક પણ જીત માટે મહત્વપૂર્ણ બની રહે છે.

# દક્ષિણ ગુજરાતમાં ભગવાનો દબદબો

### સુરત મહાનગર પાલિકા

| બેઠક | ભાજપ | કોંગ્રેસ | આપ |
|---|---|---|---|
| 120 | 115 | 1 | 4 |

### સુરત જિલ્લા પંચાયત

| બેઠક | ભાજપ | કોંગ્રેસ | આપ |
|---|---|---|---|
| 36 | 35 | 0 | 1 |

### નગરપાલિકા

| નગરપાલિકા | બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| બારડોલી | 36 | 32 | 3 | 1 |
| કડોદરા | 28 | 25 | 0 | 3 |
| માંડવી | 24 | 22 | 2 | 0 |
| તરસાડી | 28 | 24 | 8 | 0 |

### સુરત તાલુકા પંચાયત

| તાલુકો | બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| કામરેજ | 20 | 17 | 0 | 3 |
| બારડોલી | 22 | 21 | 0 | મુલતવી |
| ઉમરપાડા | 16 | 12 | 1 | 3 |
| ઓલપાડ | 24 | 24 | 0 | 0 |
| માંડવી(સુરત) | 18 | 12 | 5 | 1 |
| માંગરોળ | 24 | 20 | 4 | 0 |
| મહુવા | 16 | 14 | 2 | 0 |
| ચોર્યાસી | 16 | 14 | 1 | 1 |
| પલસાણા | 16 | 16 | 0 | 0 |
| અરેઠ | 16 | 12 | 4 | 0 |
| અંબિકા | 16 | 14 | 2 | 0 |

### વાપી મહાનગરપાલિકા

| બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| 52 | 37 | 11 | 0 |

### વલસાડ જિલ્લા પંચાયત

| બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| 36 | 34 | 01 | 01 |

### નગરપાલિકા

| નગરપાલિકા | બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| ઉમરગામ | 28 | 19 | 8 | 1 |

### તાલુકા પંચાયત

| તા.પં. | બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| ઉમરગામ | 30 | 25 | 0 | 5 |
| ધરમપુર | 24 | 13 | 10 | 1 |
| પારડી | 22 | 22 | 0 | 0 |
| કપરાડા | 22 | 18 | 4 | 0 |
| વલસાડ | 32 | 31 | 0 | 1 |
| નાના પોંઢા | 20 | 19 | 1 | 0 |

### જિલ્લો- ડાંગ

### ડાંગ જિલ્લા પંચાયત

| બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| 18 | 12 | 6 | 0 |

### ડાંગ તાલુકા પંચાયત

| તા.પં. | બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| વઘઈ | 16 | 8 | 8 | 0 |
| આહવા | 16 | 7 | 9 | 0 |
| સુબીર | 16 | 12 | 4 | 0 |

### જિલ્લો- નવસારી

### નવસારી મહાનગરપાલિકા

| બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| 52 | 50 | 2 | 0 |

### નવસારી જિલ્લા પંચાયત

| બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| 30 | 27 | 3 | 0 |

### નગરપાલિકા

| નગરપાલિકા | બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| ગણદેવી | 24 | 24 | 0 | 0 |

### ગણદેવી તાલુકા પંચાયત

| તાલુકા પંચાયત | બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| જલાલપોર | 20 | 18 | 1 | 1 |
| નવસારી | 16 | 16 | 0 | 0 |
| ચીખલી | 28 | 25 | 3 | 0 |
| ખેરગામ | 16 | 11 | 5 | 0 |
| ગણદેવી | 24 | 23 | 0 | 1 |
| વાંસદા | 28 | - | - | - |

### જિલ્લો- તાપી

### તાપી જિલ્લા પંચાયત

| બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| 18 | 9 | 9 | ટાઇ |

### વ્યારા નગરપાલિકા

| નગરપાલિકા | બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| વ્યારા | 28 | 26 | 2 | 0 |

### તાલુકા પંચાયત

| તા. પં. | બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| કુકરમુંડા | 16 | 11 | 5 | 0 |
| નિઝર | 16 | 9 | 6 | 1 |
| ઉચ્છલ | 16 | 11 | 5 | 0 |
| વ્યારા | 20 | 7 | 13 | 0 |
| ડોલવણ | 16 | 11 | 5 | 0 |
| સોનગઢ | 18 | 9 | 9 | 0 |
| વાલોડ | 16 | 11 | 5 | 0 |
| ઉકાઈ | 16 | 5 | 7 | 4 |

### જિલ્લો- નર્મદા

### નર્મદા જિલ્લા પંચાયત

| બેઠક | ભાજપ | કોંગ્રેસ | આપ |
|---|---|---|---|
| 22 | 7 | 0 | 15 |

### રાજપીપળા નગરપાલિકા

| નગરપાલિકા | બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| રાજપીપળા | 28 | 25 | 2 | 1 |

### તાલુકા પંચાયત

| તાલુકા પંચાયત | બેઠક | ભાજપ | કોંગ્રેસ | આપ |
|---|---|---|---|---|
| નાંદોદ | 18 | 13 | 1 | 4 |
| ગરુડેશ્વર | 16 | 4 | 0 | 12 |
| ડેડીયાપાડા | 28 | 0 | 0 | 18 |
| સાગબારા | 18 | 0 | 0 | 18 |



### ભરૂચ નગરપાલિકા

| પાલિકા | બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| ભરૂચ | 44 | 29 | 10 | 5 |
| જંબુસર | 28 | 16 | 11 | 1 |
| અંકલેશ્વર | 36 | 25 | 11 | - |
| આમોદ | 24 | 8 | 15 | 1 |

# ઓલપાડમાં વિરોધ પક્ષનું પૂરેપૂરું ધોવાણ

**જિલ્લા** પંચાયતની 5 અને તાલુકા પંચાયતની 24 બેઠક એક જ પક્ષના ખાતામાં, ઓલપાડ રાજકારણમાં નવો ટ્રેન્ડ સ્પષ્ટ

સુરતઃ સ્થાનિક સ્વરાજ્યની તાજેતરની ચૂંટણીમાં સુરત જિલ્લાના ઓલપાડ વિધાનસભા મતવિસ્તારે રાજકીય રીતે એક મહત્ત્વપૂર્ણ સંદેશ આપ્યો છે. અહીંના ગ્રામ્ય મતદારોનો મેન્ડેટ એકતરફી રહ્યો છે, જેમાં વિરોધ પક્ષો માટે કોઈ જગ્યા બચી નથી. પરિણામે, ઓલપાડનું રાજકારણ હવે સંપૂર્ણપણે એકધ્રુવી બનતું જોવા મળી રહ્યું છે.

ઓલપાડ હેઠળ આવતી જિલ્લા પંચાયતની તમામ 5 બેઠક પર એક જ પક્ષે પ્રભુત્વ સ્થાપિત કર્યું છે. એટલું જ નહીં, તાલુકા પંચાયતની કુલ 24 બેઠક પર પણ એ જ દૃશ્ય પુનરાવર્તિત થયું છે.

વિરોધ પક્ષો માટે આ પરિણામો ચિંતાજનક માનવામાં આવી રહ્યા છે, કારણ કે તેઓ એકેય બેઠક પર પોતાનું ખાતું ખોલાવી શક્યા નથી. વિશ્લેષકોના મતે, ગ્રામ્ય વિસ્તારોમાં મતદારો દ્વારા કરવામાં આવેલા આ એકતરફી પસંદગી સ્થાનિક મુદ્દાઓ, સંગઠન શક્તિ અને પ્રચારની અસર દર્શાવે છે. ધારાસભ્ય મુકેશ પટેલની વ્યૂહરચનાથી આ પરિણામો આગામી સમયમાં ઓલપાડ વિધાનસભાના રાજકારણ પર લાંબા ગાળાનો પ્રભાવ પાડે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે. સાથે સાથે, ઓલપાડ વિધાનસભામાં સમાવિષ્ટ શહેર વિસ્તારના વોર્ડ નંબર 1 અને 2 માં પણ એક જ પક્ષની પેનલે સંપૂર્ણ જીત નોંધાવી છે, જે શહેરી અને ગ્રામ્ય બંને વિસ્તારોમાં એકસરખી રાજકીય લહેરનો સંકેત આપે છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ભાજપ 'ધુરંધર'...

સાથે જ ભાજપ સતત સાતમી વખત સુરત મનપાનુ શાસન સંભાળવા જઇ રહ્યું છે. આ વખતે પ્રચાર દરમિયાન ભાજપ સામે દેખાયેલા રોષ અને ઉમેદવારોના વિરોધને જોતા બેઠકો ઘટશે અને વિપક્ષ વધુ બેઠકો લાવશે તેવો અંદાજ રાજકીય પંડિતો વ્યક્ત કરતાં હતા. પરંતુ આ તમામ અંદાજ ખોટા સાબિત થયા છે. બહુ ગાજેલો વિપક્ષ આમ આદમી પાર્ટી 17 નંબરનો એકમાત્ર વોર્ડ બચાવી શકી છે અને 4 બેઠકોમાં સમેટાઇ ગયો છે. જ્યારે બીજી બાજુ વરસોથી મૃતઃપ્રાય કોંગ્રેસમાં રાહુલ ગાંધીએ હવે રેસના ઘોડાને મેદાનમાં ઉતારવાની વાત કરી હતી પરંતુ કોંગ્રેસે ઉતારેલા રેસના ઘોડા દોડ્યા નથી. કોંગ્રેસે સમખાવા પૂરતી એક બેઠક જીતીને કમબેક જરૂર કર્યું છે.

આજે સવારે 9 વાગ્યાથી જ મજૂરાગેટ સ્થિત ગાંધી એન્જિનિયરિંગ કોલેજ ખાતે સવારે 9 વાગ્યાથી મતગણતરી શરૂ થઈ હતી. વહેલી સવારથી જ કાઉન્ટિંગ સેન્ટર બહાર ભાજપ, આપ અને કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. મતગણતરીના પ્રારંભિક રાઉન્ડથી જ ભાજપના ઉમેદવારો આગળ નીકળતા કાઉન્ટિંગ સેન્ટર બહાર જશ્નનો માહોલ જામ્યો હતો. ઢોલ-નગારાના તાલે કાર્યકરો ઝૂમી ઉઠ્યા હતા. એકબીજાને મીઠાઈ ખવડાવી જીતની શુભેચ્છા પાઠવી હતી. અનેક સ્થળોએ લેઝીમ ડાન્સ અને ફટાકડાં સાથે ઉજવણી કરવામાં આવી હતી. કેટલાક વિજેતા ઉમેદવારોને સમર્થકોએ ખભા પર બેસાડી વિજય સરઘસ પણ કાઢ્યા હતા. કાઉન્ટિંગ સેન્ટર બહાર ભાજપ અને આમ આદમી પાર્ટીના કેટલાક કાર્યકરો સામસામે આવી જતાં થોડો સમય માહોલ ગરમાયો હતો, જોકે પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે તાત્કાલિક દરમિયાનગીરી કરી મામલો શાંત પાડવામાં આવ્યો હતો. જેમ જેમ દરેક વોર્ડના પરિણામો જાહેર થતાં ગયા તેમ તેમ વિજેતા ઉમેદવારો પોતાની પેનલ સાથે બહાર આવ્યા હતા. સમર્થકોએ ફૂલહાર પહેરાવી સ્વાગત કર્યું હતું. શહેરના અનેક વિસ્તારોમાં વિજયી સરઘસનું સ્વાગત કરવા લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા.

### સૌથી વધુ...

આમાં ભાજપાનો ભાગ સૌથી મોટો છે, જ્યારે AAP બીજા અને કોંગ્રેસ ત્રીજા સ્થાને છે. આ ત્રણેય પક્ષ મળીને કુલ 47,21,945 મત મળ્યા છે જ્યારે અપક્ષને 2,07,362 મત મળ્યા છે.

આ આંકડાઓ પ્રમાણે ભાજપાએ સ્પષ્ટ બહુમતી સાથે પ્રથમ સ્થાન મેળવ્યું છે. ભાજપાને કુલ 28,84,057 મત મળ્યા છે, જે અન્ય બંને પક્ષો કરતાં નોંધપાત્ર રીતે વધારે છે. ભાજપાની આ મજબૂત કામગીરીએ તેને સમગ્ર મતદાનમાં અગ્રણી સ્થાન પર સ્થાપિત કર્યો છે. બીજી તરફ, આમ આદમી પાર્ટી (AAP)એ આશ્ચર્યજનક પ્રદર્શન કરતાં કોંગ્રેસને પાછળ મૂકી બીજા ક્રમે સ્થાન મેળવ્યું છે. AAPને કુલ 10,64,962 મત મળ્યા છે, જે દર્શાવે છે કે પાર્ટી શહેરના અનેક વિસ્તારોમાં મજબૂત રીતે ઉભરી આવી છે. કોંગ્રેસ પાર્ટી આ દોડમાં ત્રીજા ક્રમે રહી છે. કોંગ્રેસને કુલ 7,72,826 મત મળ્યા છે. ઘણા વોર્ડમાં કોંગ્રેસને સ્પર્ધાત્મક મત મળ્યા હોવા છતાં, કુલ ગણતરીમાં તે AAPથી પાછળ રહી ગઈ છે.

### આપને પણ...

આદમી પાર્ટીને પણ વિકલ્પ તરીકે મજબૂત રીતે સ્વીકારી છે. કોંગ્રેસ માટે આ પરિણામો ચિંતાજનક ગણાય, કારણ કે તે પરંપરાગત મતબેંક હોવા છતાં ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે. આંકડાઓ સ્પષ્ટ રીતે બતાવે છે કે હાલના રાજકીય પરિસ્થિતિમાં ભાજપા અગ્રેસર છે, પરંતુ આમ આદમી પાર્ટી ઝડપથી ઉદ્ભવતી શક્તિ તરીકે સામે આવી રહી છે. કોંગ્રેસ માટે હવે પોતાની સ્થિતિ મજબૂત બનાવવાની પડકારજનક સ્થિતિ ઊભી થઈ છે.

### ભાજપનો પનો...

જોડાઈ ગયા. સાથે સાથે આપની આબરૂનું ધોવાણ થતાં આ વોર્ડમાં ભાજપે લીડ તો મોટાપાયે કાપી નાખી પરંતુ માત્ર 1 હજાર જેટલા જ મતોથી ભાજપ પાછળ રહી ગયું હતું. ભાજપે કાપેલી લીડને કારણે આ વોર્ડમાં આપના જીતેલા ઉમેદવારો ધર્મેશ ભંડેરી, અસ્મિતા ધોરાજીયા, પંકજ ચાવડા તેમજ રચના હીરપરાને ગત વખતની ચૂંટણીની સરખામણીમાં સરેરાશ 22થી 23 હજાર જેટલા આશરે 50 ટકા મતો જ મળ્યા હતા. સરેરાશ એક હજારથી પંદરસો મત ભાજપને વધારે મળ્યા હોત તો આ બેઠક પણ ભાજપે કબજે કરી હોત.

### તળ સુરતીઓની...

જીતવામાં નિષ્ફળતામાં કોંગ્રેસના ઉમેદવારની બે વર્ષની મહેનતની સામે સંગઠનની અંદરની જુથબંધી, ઉમેદવાર પસંદગીમાં થયેલી ગરબડ અને ભાજપે ઉમેદવાર પસંદગીમાં કરેલી મુળ સુરતીઓની થયેલી અવગણનાને કારણે ક્રોસ વોટિંગની ચર્ચાઓ જોર પકડી રહી છે.

એવી ચર્ચા છે કે આ વોર્ડમાં ભાજપે સરળતાથી ચારેય બેઠકો જીતવી જોઈતી હતી, પરંતુ પક્ષના જ કેટલાક અસંતુષ્ટ નેતાઓ અને કાર્યકરોની નિષ્ક્રિયતા અથવા આંતરિક વિરોધને કારણે એક બેઠક હાથમાંથી સરકી ગઈ. ખાસ કરીને આ વોર્ડ શહેર ભાજપના જ એક મહામંત્રીનો પ્રભાવક્ષેત્ર માનવામાં આવતો હોવાથી પરિણામે સંગઠનમાં સવાલો ઊભા કર્યા છે. ઉમેદવારોની જાહેરાત પછી જ વિરોધના સૂરો સાંભળવા મળ્યા હતા. સંગઠન સાથે જોડાયેલા કેટલાક હોદ્દેદારોએ સોશિયલ મીડિયા પર વિવાદાસ્પદ પોસ્ટ મૂકી અસંતોષ જાહેર કર્યો હતો. વોર્ડ નં. 12માં હારનું બીજું મોટું કારણ જ્ઞાતિગત સમીકરણોમાં થયેલી ભૂલ માનવામાં આવે છે. વિસ્તારમાં સુરતી અને સૌરાષ્ટ્રીયન બંને સમાજના મતદારો નોંધપાત્ર પ્રમાણમાં હોવા છતાં ભાજપે ત્રણ સૌરાષ્ટ્રીયન અને માત્ર એક સુરતી ઉમેદવારને ટિકિટ આપી હતી.જેના કારણે મુળ સુરતીઓમાં નારાજગી જોવા મળી હતી.

ચર્ચા એવી પણ છે કે ભાજપના જ કેટલાક નારાજ આગેવાનોએ પક્ષના સત્તાવાર ઉમેદવારને બદલે વિરોધી ઉમેદવારને મદદરૂપ કામગીરી કરી હતી. પરિણામે વર્ષોથી ભાજપના ગઢ તરીકે ઓળખાતા કુબેરનગર વિસ્તારમાંથી પણ કોંગ્રેસના ઉમેદવારને સારા મતો મળ્યા હતા. આ વોર્ડમાં કોંગ્રેસે 39 વર્ષ જૂના કાર્યકર અર્શદ જરીવાલાને મેદાનમાં ઉતાર્યા હતા. જરીવાલાએ 632 મતોની પાતળી પરંતુ નિર્ણાયક સરસાઈથી જીત મેળવી કોંગ્રેસનું મનપામાં ખાતું ખોલાવ્યું હતું. કોંગ્રેસના અન્ય ઉમેદવારો પરાજિત રહ્યા હોવા છતાં એક બેઠક જીતવાથી પક્ષમાં નવજીવન આવ્યું છે. અર્શદ જરીવાલાએ આ વોર્ડમાં છેલ્લા બે વર્ષથી કરેલી મહેનત રંગ લાવી છે. વોર્ડમાં 36 હજાર મુસ્લિમ અને અંદાજે 9,500 પાટીદાર મતદારોનું સમીકરણ પણ પરિણામમાં મહત્વનું માનવામાં આવે છે. NCP, AIMIM અને 30થી વધુ અપક્ષ ઉમેદવારોએ મતોનું વિભાજન કર્યું હોવા છતાં ભાજપને સંપૂર્ણ ફાયદો મળી શક્યો નહોતો. સીમાંકન અને સ્થળાંતરને કારણે મતદારોની સંખ્યા 1.09 લાખથી ઘટીને 83 હજાર જેટલી થઈ જતાં ચૂંટણી સમીકરણો પણ બદલાયા હતા. તેમ છતાં વ્યક્તિગત પકડ અને સ્થાનિક સમીકરણોના આધારે કોંગ્રેસે બેઠક જીતતા જૂના શહેરના રાજકારણમાં નવી ચર્ચા શરૂ થઈ છે.

### કોંગ્રેસના વોર્ડ...

હતા. કોંગ્રેસી ઉમેદવારને મારવાની ઘટનામાં પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી. પહેલી ઘટનામાં મતગણતરી બાદ જ્યારે બપોરે અઢી વાગ્યે વોર્ડ નં. 18ના કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડેલા ખુમાનસિંહ હિંમતસિંહ ગરજાવત (ઉ.વ.45, રહે., સહજ રો-હાઉસ, પરવટ પાટિયા)એ ઉમરા પોલીસમથકમાં નોંધાવેલી એનસી ફરિયાદ મુજબ ગાંધી એન્જિનિયરિંગ કોલેજમાં મત ગણતરી ચાલી રહી હતી તે વખતે કોલેજના કેમ્પસમાં બપોરે અઢી વાગ્યે ગૌતમ રાજપુરોહિત, સાગર રાજપુરોહિત અને અલ્પેશ રાયકાએ તેમના વાળ ખેંચી ધક્કો મારી છૂટા હાથની મારમારી કરી હતી. માર મારનારા ભાજપના કાર્યકરો હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાના વિડીયો વાયરલ થયા છે. જેમાં પોલીસ અધિકારીઓની હાજરીમાં મારમારી થતી હોવાનું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. પોલીસની હાજરીમાં ભાજપના કાર્યકરોએ કોંગ્રેસના ઉમેદવારને માર માર્યો હતો. જ્યારે બીજી ઘટનામાં સુરત મહાનગરપાલિકા વોર્ડ નં.૧૯ (આંજણા-ડુંભાલ)ની કોંગ્રેસની પેનલની હાર થતાં કોંગ્રેસના અસલમ સાયકલવાળા ઉમેદવારો, સમર્થકો સાથે બહાર આવતા જ ભાજપના કાર્યકરોએ જય શ્રી રામ અને સાયકલ પંચરનાં નારા લગાવી પાછળ પાછળ ચાલી ટપલી દાવ કર્યો હતો. પાંચ મિનિટ સુધી ભાજપના કાર્યકરોએ હોબાળો મચાવી દેતાં પોલીસે ઝડપભેર અસલમ સાયકલવાળા અને તેમની સાથેના સમર્થકોને ટોળામાંથી બહાર કાઢી આગળ રવાના કરી દીધા હતા